ખેડબ્રહ્મામાં વિવાદી બાંધકામના સ્થળે રેતી ઠાલવવા આવેલા

ટ્રેક્ટરની ટક્કરમાં વીજપોલ તૂટી પડ્યો : બાળકોનો આબાદ બચાવ

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્માના ઈન્દિરાનગરમાં આવેલ ખુલ્લી જમીનમાં બાંધકામનો વિવાદ ચાલે છે. જેમાં સવારે ટ્રેક્ટર ચાલક રેતી ઠાલવવા આવ્યો તે દરમ્યાન વિજળીના થાંભલાને જોરદાર ટકકર મારી દીધી હતી. જેનાથી થાંભલો તુટીને બાજુના મકાન નજીક પડતા પરિવાર સહિત બાળકો અને સ્થાનિકોનો સદનસીબે બચાવ થયો હતો. થાંભલો એટલો જોરથી પટકાયો હતો કે, અવાજને કારણે આજુબાજુના હેબતાઈ ગયા હતા. સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા શહેરમાં આવેલા ઈન્દિરાનગરમાં હમણા એક મહિના પહેલા જ નવિન વીજપોલ નાંખવામાં આવ્યો હતો. જેની બાજુમાં આવેલ પડતર જગ્યામાં નવિન મકાન બનતુ હોવાથી રેતી મંગાવવામાં આવી હતી. જોકે, રેતી ભરી આવતા ટ્રેક્ટર ચાલકે ગફલતભરી રીતે હંકારીને થાંભલાને ટકકર મારી પાડી દીધો હતો.

ટ્રેક્ટરની ટકકરથી વીજપોલ બાજુના ઘર નજીક પડતા ત્યાં રહેતા વિધવા મહિલા સહિત પરિવારનો આબાદ બચાવ થયો હતો. સુત્રોએ જણાવ્યુ હતુ કે, થાંભલો તુટયો તે દરમ્યાન બાળકોની અવર-જવર ન હોઈ સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી. ટ્રેક્ટર ચાલકની બેદરકારીને કારણે સરકારી સંપત્તિને નુકશાન થવા સાથે નજીકના રહીશોમાં નારાજગી વધી છે.

ખેડબ્રહ્મા તાલુકાના લાંબડીયાના આઠ વર્ષના સૈફુલ્લાહએ રાખ્યા રમઝાનના માસના બધા જ રોઝા

ખેડબ્રહ્મા, તા. ૪

મૂળ ખેડબ્રહ્મા તાલુકાના લાંબડીયાના અને હાલ હિંમતનગર સુકુન બંગલોઝમાં

રહેતા ડૉ. ફારૂકભાઈ એ.મેમણના નાના દીકરા સૈફુલ્લાહએ માત્ર આઠ વર્ષની નાની વયે તેના મોટાભાઈ અબ્દુલ્લાહ (ઉ.વ. ૧૧)ની સાથે સાથે બાળહઠથી સ્વેચ્છાએ રમઝાન મહિનાના બધા જ રોઝા, રમઝાનની વિશેષ ઈબાદત બધી જ તરાવિહની અને બધી જ તહઝઝૂદની નમાજ સાથે રાખ્યા હતા. સૌએ બંને ભાઈઓને બિરદાવી અભિનંદન આપ્યા હતા.

હિંમતનગરમાં ૩૦ ટકાથી ઓછું પરિણામ મેળવનાર શાળાઓ સામે તવાઈ

ધો. ૧૨ સાયન્સની ૫ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહની ૩ શાળાઓની નિભાવ ગ્રાન્ટ કાપી લેવાશે

ધો. ૧૦ની ૩૬ શાળાઓને નોટીસ અપાઈ : નબળુ પરીણામ લાવનાર શાળાઓના શિક્ષકોને તાલીમ અપાશે

હિંમતનગર, તા. ૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ દ્વારા ગત માર્ચ માસમાં લેવાયેલી ધો. ૧૨ સાયન્સ, સામાન્ય અને ધો. ૧૦ની પરીક્ષાનું પરીણામ જાહેર થયા બાદ ૩૦ ટકાથી ઓછુ પરીણામ મેળવનાર સાબરકાંઠાની ૪૪ શાળાઓ સામે તંત્ર દ્વારા તવાઈ લવાઈને તેમની નિભાવ ગ્રાન્ટ કાપી લેવાનો નિર્ણય કરાયો છે. જોકે નબળું પરીણામ લાવનાર શાળાઓના શિક્ષકોને ડાયેટના માધ્યમથી તાલીમ આપવામાં આવશે.

આ અંગે શિક્ષણ વિભાગના સુત્રોમાંથી જણાવાયા મુજબ તાજેતરમાં જાહેર થયેલ બોર્ડના પરીણામમાં સાબરકાંઠાની વિવિધ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ સરેરાશ ૬૫ ટકાથી વધુ પરીણામ મેળવ્યુ હતુ. પરંતુ તેમાં જિલ્લાની ધો. ૧૨ અને ૧૦ની મળી ૪૪ શાળાઓએ ૩૦ ટકાથી ઓછુ પરીણામ મેળવ્યુ હતુ. જેના લીધે જિલ્લામાં શિક્ષણનુ સ્તર કથળ્યુ હોવાની છાપ ઉપસી છે. જેને લઈને શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યુ હતુ. ત્યારબાદ આવી શાળાઓ સામે શિક્ષાત્મક પગલા લેવાનો નિર્ણય કરાયો છે. તથા ઓછુ પરીણામ લાવનાર શાળાઓને શિક્ષણ વિભાગ દ્વારા નોટીસ આપીને ખુલાસો માંગવામાં આવ્યો છે.

જેથી જે શાળાઓએ ૩૦ ટકાથી ઓછુ પરીણામ મેળવ્યુ છે તેવી ધો. ૧૦ની ૩૬ જ્યારે ધો. ૧૨ સાયન્સની ૫ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહની ૩ શાળાઓની ૧૦૦ ટકા નિભાવ ગ્રાન્ટ ચાલુ વર્ષે કાપી લેવાનો નિર્ણય કરાયો છે. જેથી આ શાળાઓને પોતાની રીતે બજેટ ઉભુ કરીને સંસ્થાનો નિભાવ કરવો પડે તેવી નોબત આવી છે. બોર્ડના પરીણામમાં સારો દેખાવ નહી કરનાર શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોને યોગ્ય તાલીમ આપવાનો નિર્ણય કરાયો છે.

પવિત્ર રમઝાન માસના સમાપન સાથે જ મુસ્લિમ બિરાદરો રમઝાન ઈદનો તહેવાર મનાવી રહ્યાં છે. આ પ્રસંગે ગાંધીનગર પાસેના ચાંદખેડાના આર્ટિસ્ટ મુકેશ પંડ્યાએ મીનીએચર આર્ટના ઉપયોગ દ્વારા મનમોહક 'ઈદ મુબારક આર્ટ' તૈયાર કરી છે. આ આર્ટમાં તેમણે બનાવેલ વિવિધ કૃતિઓમાં ૫ એમએમના કાગળના નાના નાના અસંખ્ય ચાંદ દ્વારા મોટો ઈદનો ચાંદ દિવાસળી અને દોરીના ઉપયોગથી ઈબાદત તથા રમઝાન ઈદના પવિત્ર પ્રસંગે એકબીજાને મુબારકબાદી આપતા મુસ્લિમ બિરાદરો જેવી પ્રતિકૃતિઓ બનાવી ભાઈચારા અને સદ્‌ભાવનો સંદેશ પાઠવ્યો છે.

મહેસાણા જી.આઈ.ડી.સી. કોમ્યુનીટી હોલ ખાતે ઔધોગિક ભરતી મેળો

મહેસાણા, તા. ૪

જિલ્લાકક્ષાનો ઔધોગિક ભરતી મેળો ૧૪ જુન ૨૦૧૯ના રોજ કોમ્યુનીટી હોલ, પાણીની ટાંકી પાસે, જી.આઈ.ડી.સી., મહેસાણા ખાતે સવારે ૧૦-૦૦ કલાકે યોજાનાર છે. ભરતી મેળામાં ભાગ લેવા માંગતા જિલ્લાના રોજગાર વાંચ્છુઓએ પોતાના બાયોડેટા ૦૫ નંગ, ફોટા તથા અલસ પ્રમાણપત્રો સાથે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે તેમ જિલ્લા રોજગાર અધિકારી મહેસાણાએ જણાવાયું છે.

માંકડી શ્રી પ્રગતિ વિદ્યાલયનું ગૌરવ

ભિલોડા, તા.૪

માંકડી ગામની શ્રી પ્રગતિ વિદ્યાલયનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા વર્ષ-૨૦૧૯-માર્ચ દરમ્યાન લેવાયેલ પરીક્ષામાં શ્રી પ્રગતિ વિદ્યાલયમાં ધોરણ.૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સ્નેહા વી.ચૌહાણ ૮૪.૧૬ % પ્રથમ ક્રમે, નિલમ વી.ચૌહાણ ૮૨.૩૩ % દ્વિતીય ક્રમે, કિસ્મત પી.પરમાર ૭૯.૫૦ % તૃતીય ક્રમાંકે ઉર્તીણ થયેલ છે. શ્રી પ્રગતિ વિદ્યાલયનું સમગ્ર પરીણામ ૯૨ % આવેલ છે. જવલંત સફળતા હાંસલ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને નુતન કેળવણી મંડળ પ્રમુખ, મંત્રી, હોદ્દેદારો, કારોબારી સભ્યો, આચાર્ય પ્રભુદાસ એસ.પટેલ, સ્ટાફ ગણે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

ઈસરોલ ગામમાં ચૌધરી સમાજના ૨૦ ગામોના અગ્રણીઓની બેઠક યોજાઈ

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ઈસરોલ ગામ નજીક મહાકાળી ગઢી માતાજી મંદિરમાં સાબરકાંઠા-અરવલ્લી આંજણા ચૌધરી પટેલ સમાજ સેવા સંગઠનના ભાગ રૂપે મોડાસા તાલુકાના ૨૦ ગામોના અગ્રણીઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં સમાજના મંત્રી, અરવલ્લી જીલ્લા સહકારી સંઘ અધ્યક્ષ પ્રભુદાસ પટેલએ સૌને આવકારી બેઠકનો હેતુ સમજાવી સંગઠન મજબુત બનાવવા પર ભાર મુકયો હતો. સમાજના નવા સંકુલના કામમાં દરેક ગામના આગેવાનોને બુકો,પત્રિકા આપી ભગીરથ સામાજીક કાર્યમાં સંપુર્ણ સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

આજે "વિશ્વ પર્યાવરણ દિન"ની રાજ્યકક્ષાની ઉજવણી અમદાવાદ ખાતે કરાશે

અમદાવાદ, તા. ૪

UNEP દ્વારા ૫મી જૂન "વિશ્વ પર્યાવરણ દિન" તરીકે ઉજવાય છે. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતીમાં તા. ૫ જૂન'૨૦૧૯, બુધવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે, યુનિવર્સિટી કન્વેન્શન હોલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે આ કાર્યક્રમ યોજાનાર છે.

UNEP દ્વારા પર્યાવરણની પ્રવર્તમાન સમસ્યાને ધ્યાને લઈ વિષય-વસ્તુ નક્કી કરવામાં આવે છે. આ વર્ષે "Beat The Air Pollution"ની થીમ સાથે "વિશ્વ પર્યાવરણ દિન" ની રાજ્યકક્ષાની ઉજવણી કરાનાર છે.

આ કાર્યક્રમમાં પર્યાવરણ રાજયમંત્રી જયદ્રથસિંહજી પરમાર, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ કોર્ટ, નવી દિલ્હીના અધ્યક્ષ આદર્શકુમાર ગોયલ, યેલ યુનિવર્સિટી, યુ.એસ.એ.ના આસીસ્ટન્ટ પ્રોફેસર નિકોલસ રયાન, અગ્રણી ઉદ્યોગકારો-તજજ્ઞો-પર્યાવરણવિદો વગેરે ઉપથિત રહેનાર છે.

ગાંભોઈ પીએસઆઈનો ઘોડેસવારી સાથે વિદાય સમારંભ યોજાયો

હિંમતનગર તાલુકાના ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પો.સ.ઈ. પી.એચ. સીસોદીયાની વયનિવૃતિ થતાં ગાંભોઈ પોલીસ સ્ટેશન વિસ્તારના ગ્રામજનો દ્વારા વિદાય સન્માન સમારંભ શુક્રવારના રોજ ગાંભોઈ ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પો.સ.ઈ. પી.એચ. સીસોદીયાને ઘોડેસવારી કરી પોલીસ સ્ટેશન સંકુલથી ગાંભોઈની મુખ્ય બજારોમાં શોભાયાત્રા કાઢી સન્માન સમારંભ સ્થળે ડી.જે.ના તાલે વાજતે ગાજતે લઈ જવાયા હતા. હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે યોજાયેલ આ વિદાય સમારંભમાં ઉપસ્થિત ગામલોકોએ પી.એસ.આઈ. પી.એચ. સીસોદીયાને બીરદાવી મોમેન્ટો અને સ્મૃતિભેટ અર્પણ કર્યા હતા. આ કાર્યક્રમમાં ગંભોઈ વિસ્તારના ગ્રામ્ય સરપંચો, વિવિધ સંસ્થાના અગ્રણીઓ તેમજ ગાંભોઈ પોલીસ સ્ટેશન હેઠળના ગ્રામ્ય વિસ્તારની જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

મોડાસા રૂરલ પોલીસે લીંભોઈ નજીક આઈશર ટ્રકમાંથી ૨૬ પશુઓને બચાવ્યા

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી વિદેશી દારૂ, પશુ તસ્કરી અને વિવિધ કેફી પદાર્થોની મોટાપાયે અસામાજિક તત્વો હેરાફેરી કરી રહ્યા છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્રના વડા મયુર પાટીલે ઘૂસણખોરી અટકાવવા શખ્ત સૂચના આપતા જીલ્લા પોલીસતંત્ર હરકતમાં આવી જતા અસામાજિક તત્વોમાં ભય ફેલાયો છે. મોડાસા રૂરલ પોલીસે લીંભોઈ ગામ નજીકથી આઈસર ટ્રકમાં ગેરકાયદેસર કતલખાને લઈ જવાતા ૨૬ પશુઓને ઝડપી પાડી અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં રહેતા ૨ આરોપીને દબોચવામાં સફળ રહી હતી. ટ્રકમાં મુશ્કેટાટ હાલતમાં ભરેલ ૨૬ બાંધેલ પશુઓને પાંજરાપોળ મોકલી આપવા તજવીજ હાથ ધરી હતી.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.એચ. શર્મા અને તેમની ટીમે બાતમીના આધારે લીંભોઈ ગામની

સીમમાંથી રવિવારે રાત્રીના સુમારે રાજેન્દ્રનગરથી અમદાવાદ તરફ પશુઓ ભરેલ આઈસર ટ્રક (ગાડી.નં-જીજે.૦૧. સીવી. ૯૪૭૫)માં બિનઅધિકૃત રીતે વગર પાસ પરમીટે જીવિત ભેંશ નંગ-૧૧ અને પાડા નંગ-૧૫ ને મુશ્કેટાટ હાલતમાં ખીચોખીચ ભરેલા અને ઘાસચારા પાણીની વ્યવસ્થા કર્યા વગર કતલખાને લઈ જવાતા મળી આવ્યા હતા. ભેંશ-પાડા નંગ-૨૬ કીં.રૂ.૧૪૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૨ કીં. રૂ.૧૦૦૦ તથા ટ્રકની કીં. રૂ.૭૦૦૦૦૦ મળી કુલ રૂ.૮૪૧૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ઈરફાન યુસુબ શેખ અને એઝાઝ અબ્દુલ સમદ શેખ (બંને રહે, બહેરામ પુરા, અમદાવાદ)ની ધરપકડ કરી બંને શખ્સો વિરુદ્ધ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનયમનં અને પ્રાણીઅત્યાચાર કલમ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ગુજરાત યુનિવર્સિટીમાં ટુરિઝમ ક્ષેત્રે પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા કોર્સનો પ્રારંભ

કોઈપણ શાખાના સ્નાતક વિદ્યાર્થીઓ કોર્સ કરી શકશે : કોર્સની ૭૫ ટકા ફી સરકાર ભરશે : ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત પ્રવાસન દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ અંતર્ગત નવીનતમ પહેલના ભાગરૂપે ટુરીઝમ ક્ષેત્રે ગુજરાતમાં સૌ પ્રથમવાર પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમાં લોન્ચ કરવામાં આવ્યો છે. આ અભ્યાસક્રમ એક વર્ષની મુદતનો છે જે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવશે જેની પ્રવેશ પ્રક્રિયા પણ ઓનલાઈન શરૂ કરી દેવામાં આવી છે.

ગુજરાત પ્રવાસન અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમાં ઈન ટ્રાવેલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટનો એક વર્ષનો કોર્સ શરૂ કરાયો છે. આ કોર્સ કોઈપણ શાખાની ગ્રેજ્યુએટ થયેલ વ્યક્તિ જે ટ્રાવેલ-ટુરિઝમમાં રસ ધરાવતા હોય તે કરી શકશે. આ કોર્સની કુલ ફી રૂ. ૪૪ હજાર છે જેમાંથી રૂ. ૩૩ હજાર રાજ્ય સરકાર ભોગવશે અને વિદ્યાર્થીઓએ માત્ર રૂ. ૧૧ હજાર ભરવાના રહેશે. કોર્સમાં વિદ્યાર્થીઓને ક્લાસરૂમ સ્ટડી ઉપરાંત ડેઝર્ટેશન અને ઓન ધ જોબ ટ્રેનિંગ આપવામાં આવશે. આ કોર્સ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને ટ્રાવેલ કન્સલટન્ટ, ટુર એસ્કોર્ટર્સ, ફ્રન્ટ ડેસ્ક એક્ઝિક્યુટિવ, વીઝા આસિસ્ટન્ટ, ઓપરેશન એક્ઝિક્યુટીવ, કસ્ટમર સર્વિસ વગેરેમાં રોજગારી પ્રાપ્ત થઈ શકશે. આ કોર્સ દ્વારા દરેક વિદ્યાર્થીને ટુરિઝમ અને આતિથ્ય ક્ષેત્રમાં રોજગારીની ખાત્રી આપતા ટુરિઝમ કમિશ્નર જેનુ દેવને જણાવ્યુ હતુ કે 'ટુરિઝમ ઈન્ડસ્ટ્રીઝમાં રસ દાખવતા વિદ્યાર્થીઓને નવા ભવિષ્યની દિશા પ્રાપ્ત થશે.'

ભયજનક વૃક્ષ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખોદી રાખ્યા છે. જયારે શહેરમાં અંદાજિત ૨૩ હજાર જેટલા રોપાઆની વાવણી કરવાનુ આયોજન કરાયુ છે. જયારે વરસાદમાં જોખમી અને સુકા વૃક્ષો પણ જમીનદોસ્ત થતા ઘણીવાર અકસ્માત સર્જાય છે. જેના લીધે ગત વર્ષોમાં જાનહાનિ થઇ હોવાના પણ કિસ્સા છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ હરિયાળા વૃક્ષોની વનરાજી છે. ત્યારે નમી પડેલા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. આ ઉપરાંત સુકા વૃક્ષો દુર કરવા માટે પણ વનતંત્ર દ્વારા ગત વાઈબ્રન્ટ સમિટથી કામગીરી હાથ ધરવામા આવી છે. શહેરમાં સર્વેના અંતે સુકા વૃક્ષોને માર્કીંગ કરવાનુ પણ ચાલી રહ્યુ છે. જયારે અંદાજિત ૩૦૦ જેટલા સુકા અને જોખમી વૃક્ષોની પણ કટોતી કરવામા આવી છે. ત્યારે વરસાદી દિવસોમાં સુકા અને જોખમી વૃક્ષો અકસ્માતનુ કારણ ન બને તે માટે વિશેષ તકેદારી રાખીને અત્યારે તબક્કાવાર આ પ્રકારના ભયજનક વૃક્ષોને દુર કરવા માટે પણ વનતંત્રની ટીમ કામે લાગી છે.

કેન્દ્રીય બજેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે ખર્ચની રકમ મંજુર કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. નવી સરકાર સત્તારુઢ થઈ ચુકી છે ત્યારે નવા નાણાંમંત્રી નિર્મલા સીતારામન એવા સમયે પૂર્ણ બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે જ્યારે આર્થિક વિકાસ દર વધુ ઘટીને પાંચ વર્ષની નીચી સપાટી ઉપર છે. નાણામંત્રી સીતારામનને પોતાના પ્રથમ બજેટમાં અર્થવ્યવસ્થામાં મંદી, નાણાંકીય ક્ષેત્રના સંકટ જેવા મામલાઓ ઉપર ધ્યાન આપવાની જરૂર રહેશે. રોકડ કટોકટી, રોજગારી ઉભી કરવાની બાબત, ખાનગી મૂડીરોકાણ, નિકાસમાં સુધારા, કૃષિ સંકટના પડકારો, જાહેર મુડી રોકાણ વધારવાના વિકલ્પો ઉપર ધ્યાન આપવું પડશે. હાલમાં જ રચવામાં આવેલી ૧૭મી લોકસભાનું પ્રથમ સત્ર ૧૭મી જૂનથી શરૂ થશે અને ૨૬મી જુલાઈ સુધી ચાલશે. આર્થિક સમીક્ષા ૨૦૧૯-૨૦ ચોથી જુલાઈના

દિવસે રજૂ કરાશે. પાંચમીના દિવસે બજેટ રજૂ કરાશે. નિર્મલા સીતારામનની બજેટ ટીમમાં નાણાં રાજ્યમંત્રી અનુરાગ ઠાકુર, મુખ્ય આર્થિક સલાહકાર કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમ સામેલ છે. સત્તાવાર અધિકારીઓની ટીમનું નેતૃત્વ નાણાંકીય સચિવ સુભાષચંદ્ર ગર્ગ કરી રહ્યા છે.

આ ટીમમાં ગીરીશચંદ્ર, અજય ભૂષણ, અતુન ચક્રવર્તી અને રાજીવકુમારનો સમાવેશ થાય છે. સમગ્ર બજેટ પ્રક્રિયાને ગુપ્ત રાખવા માટે નોર્થ બ્લોકમાં કઠોર વ્યવસ્થા કરવામાં આવી ચુકી છે. નજર રાખવા માટે ઈલેક્ટ્રોનિક સાધનો ગોઠવી દેવામાં આવ્યા છે. મંત્રાલયમાં મોટાભાગના કોમ્પ્યુટર ઉપર ઈ-મેઈલની વ્યવસ્થા બ્લોક રહેશે. આ અવધિ દરમિયાન મંત્રાલયના પ્રવેશ અથવા બહાર નિકળવાના તમામ રસ્તા પર સુરક્ષા કર્મી તૈનાત રહેશે. આઈબીના લોકો બજેટ બનાવવાની પ્રક્રિયામાં સામેલ અધિકારીઓના રુમમાં જતા લોકો ઉપર નજર રાખશે.

ચાર જ બેઠકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગઠબંધન ઉપર બ્રેકની સ્થિતિ છે. માયાવતીએ કહ્યું હતું કે, જ્યારે યાદવ બહુમતિવાળી સીટો ઉપર યાદવ સમાજના મત સપાને મળી રહ્યા નથી ત્યારે આ ખુબ જ વિચારણા કરવા જેવી બાબત છે. માયાવતીના કહેવા મુજબ સમાજવાદી પાર્ટીની વોટબેંક જો તેનાથી દૂર થઈ રહી છે તો તેની વોટબેંક બસપને કેવી રીતે મળી શકે છે. સમાજવાદી પાર્ટીના કાર્યકરોના નિવેદન બાદ સમાજવાદી પાર્ટી તરફથી પણ રામગોપાલ યાદવે કઠોર પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે, પેટાચૂંટણીમાં સમાજવાદી પાર્ટી પોતાના ઉમેદવારને મેદાનમાં ઉતારશે. અમારી પાર્ટી બહુજન સમાજ પાર્ટી કરતા મોટી પાર્ટી છે. સપાના નેતાઓએ બસપના સમર્થન માટે ચૂંટણીમાં ખુબ મહેનત કરી હતી. માયાવતીની પરિભાષા ખોટી દેખાઈ રહી છે. જો યાદવના મત મળ્યા ન હોત તો આ પાર્ટીની હાલત હજુ ખરાબ થઈ હોત અને બસપને માત્ર ચાર સીટો મળી હોત. સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ રમાશંકર વિદ્યાર્થીએ માયાવતીના નિવેદન ઉપર પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે, જો લોકસભાની ચૂંટણીમાં તેમની પાર્ટીનો સાથ મળ્યો ન હોત તો બહુજન સમાજ પાર્ટીનું અસ્તિત્વ ખતમ થઈ ગયું હોત. ગઠબંધન તુટવાના એક પ્રશ્નના જવાબમાં વિદ્યાર્થીએ કહ્યું હતું કે, માયાવતી આડેધડ બિનજરૂરી નિવેદન કરી રહ્યા છે.

નોટીસ પાઠવી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે મિલ્કતવેરાની અસરકારક વસુલી પછી વ્યવસાય વેરાની આવક પણ વધે તે દિશામાં ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. આ માટેની સઘન ઝુંબેશ અભિયાન રૂપે હાથ ધરવા માટેનો રોડમેપ તૈયાર કરવાની કવાયાત હાથ ધરાઈ છે.

ગરમીનો મિજાજ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરમીમાં રાહત મળી નથી. જયારે આજે એક ડીગ્રીના ઘટાડા સાથે ગરમીનો પારો ૪૩ ડીગ્રીએ રહ્યો હતો. આમછતા સમગ્ર રાજયમાં સૌથી ગરમ શહેર તરીકે ગાંધીનગર ઉભરી આવ્યુ હતુ. સાંજના સમયે પણ આખા દિવસના તાપના અંતે ગરમ લું ફુંકાય છે. મોડી રાત્રે પ્રમાણમાં ઠંડક થઈ જાય છે. પવનની લહેરકી સાથે ઠંડક પ્રસરતા નગરજનો મોડી રાત સુધી ઘરની બહાર ઠંડા થવા લટાર મારતા નજરે પડે છે.

છેલ્લા ૧૫ દિવસથી ગાંધીનગર અગ્નજવાળની લપેટમાં હોવાથી હવે મેઘરાજા જલદી મહેર કરે તેવી આશ નગરજનો સેવી રહ્યા છે. જયારે એકાદ દિવસમાં રાજયમાં વાતાવરણ પલ્ટો થાય તેવી સંભાવના વચ્ચે ગરમીમાં પણ રાહત થશે તેવી આશ પણ બંધાઈ છે.

૯૫ રૂટ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોડવા માટે પણ ખાસ આગ્રહ આચાર્યોની મળનાર બેઠકમાં કરવામાં આવશે. જિલ્લામાં બ્રીજ કોર્સીસ દ્વારા જે શાળાઓ ચલાવવામાં આવે છે તેને સઘન બનાવવા પર પણ ભાર મુકવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૧૦૦ ટકા નામાંકનના લક્ષ્યાંક સાથે તંત્ર હાલ તૈયારીમાં વ્યસ્ત છે. નેટ નામાંકનની ટકાવારી પણ વધે તે અંગે આ વેળાએ પ્રવેશોત્સવમાં ભાર મુકવામાં આવશે.

સીમાંકન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહેલી છે. બીજી બાજુ કાશ્મીર ખીણની વસતી ૬૮૮૮૪૭૫ છે. આ પ્રાંતની ૫૪.૯૩ ટકા હિસ્સેદારી છે. અહીંથી ૪૬ વિધાનસભા સીટો રહેલી છે. આ ઉપરાંત લડાખમાં ચાર વિધાનસભા સીટો રહેલી છે. કેન્દ્ર સરકાર અહીં સીમાંકન ઉપર ભાર મુકી રહી છે. કારણ કે, એસસી અને એસટી સમુદાય માટે રિઝર્વ રાખવામાં આવેલી નવી વ્યવસ્થાને અમલી કરી શકાય છે. ખીણની કોઈપણ સીટ ઉપર રિઝર્વેશનની વ્યવસ્થા નથી પરંતુ ૧૧ ટકા ગુર્જર અને ગદ્દી જનજાતિ સમુદાયના લોકોની વસતી છે. જમ્મુમાં સાત સીટો એસસી માટે રિઝર્વ છે જેના માટે રોટેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી નથી.

આમંત્રણ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું. લાલુપ્રસાદના ખાસ તરીકે ઓળખાતા રઘુવંશ પ્રસાદ સિંહે મીડિયાને જણાવ્યું કે હવે ફરી એક વખત એક સાથે આવી જવાનો સમય પાકી ગયો છે. ભાજપ આવનારા સમયમાં નિતિશ કુમારનું ફક્ત 'અપમાન' જ કરવાની છે. તેથી તે જ વધારે યોગ્ય રહેશે કે તેઓ ભાજપનો સાથ છોડીને ગઠબંધનમાં જોડાઈ જવું એ જ સમજદારી કહેવાશે. તેમણે કહ્યું કે આ આ અપીલ ફક્ત નિતિશ કુમાર માટે જ નથી. ભાજપ સિવાયની બધી જ પાર્ટીઓએ એક સાથે આવવું જોઈએ.

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત જિલ્લા અરવલ્લીના તાલુકા મોડાસાના મોજે મોડાસાના બિન ખેતી સર્વે નં.-૪૯૭ પૈકી રહેણાંક પ્લોટ નં. - ૩૪ની જમીન પર આવેલ મકાનનું બાંધકામ સહિત કુલ - ૧૦૮.૮૦ ચો.મી. વાળી મીલકતના માલીક વણકર વાલજીભાઈ કેશાભાઈ રહે-સાયરા, તા. મોડાસા, જિ. અરવલ્લીનાઓની સંપૂર્ણ માલિકી અને કબજા ભોગવટાની કોઈપણ પ્રકારના બોજા રહિત હોવાનું જણાવી એચડીએફસી બેન્ક લી. મોડાસા શાખામાંથી મોર્ટગેજ લોન મેળવવા સારૂ અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ પરંતુ મોડાસા સબ રજિ.ની કચેરીએ તા. ૧૮/૭/૧૯૯૨ના રોજ નોંધણી નંબર ૧૧૦૭થી નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજ અમારા અસીલથી ગેરવલ્લે ગયેલ કે ગુમ થયેલ છે જે પુરતા પ્રયત્નો કરવા છતાં મળી આવેલ ના હોઈ અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માગણી કરે છે. જો ઉપરોક્ત મીલકત બાબતે કોઈને લાગભાગ, હક હિસ્સો, બોજો, ગીરો, કબજા હક, ઈત્યાદિ કોઈપણ પ્રકારનો હક આવેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત)માં તમામ પ્રકારના દસ્તાવેજી પુરાવા સહિત લેખિત જાણ નીચે જણાવેલ સરનામે કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યેથી મજકુર મીલકત ઉપર કોઈપણ પ્રકારનો લાગભાગ હક હિસ્સો દાવો કે બોજો નથી અને એમ હોય તો જતો કરેલ છે તેમ સમજી અમો સદર મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપીશું અને ત્યારબાદ કોઈ તકરાર ચાલશે નહિ જેની નોંધ લેવી.

મુ. મોડાસા
તા. ૦/૦૬/૨૦૧૯

સહી/-
જીતેન્દ્રકુમાર ડી. પંચાલ
એડવોકેટ

ઓફીસ : ૨૧૦, પ્રથમ માળ, ડૉ. હેગડેવાર ફુટ માર્કેટ, પ્રથમ ગેસ્ટ હાઉસ નીચે, સ્ટેટ બેન્ક સામે, ચાર રસ્તા, મોડાસા, જિ. અરવલ્લી. મો. નં. ૯૯૦૯૧૬૬૨૫૧

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧